Received on : 10-03-2026
Registered on : 10-03-2026
Decided on : 18-03-2026
Duration : Y M D
- - 08

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં.૧૯૦/૨૦૨૬.</u>**

<u>આંક-</u>

**<u>અરજદાર.</u>** અરબાઝ ઉર્ફે ઘોની સ/ઓ ઈકબાલભાઈ હાસમભાઈ કુરેશી,
ઉ.વ.૨૫, ધંધો-મજુરી,
રહે.દાતાર રોડ, નીચલા દાતાર દરગાહ પાસે,
જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટ ૨૦૦૦ ની કલમ ૬૬(ડી) મુજબ

**સંદર્ભ :-** જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૧૨૧૮/૨૦૨૫.

---

અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી જે.આર.જોષી
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**<u>-: હુકમ :-</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૧૨૧૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટ ૨૦૦૮ ની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આર.જોષીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૫૧૨૧૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટ ૨૦૦૮ ની કલમ ૬૬(ડી) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. અરજદાર/આરોપીને હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થયા બાદ પ્રથમ જામીન અરજી છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ ગુનાની તપાસ દરમ્યાન સહકાર મળે અને તે કારણસર ચાર્જશીટ થતા અરજદાર/આરોપીએ જામીન અરજી કરેલ ન હતી. વધુમાં આ કામે અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૩૧૭(૪) મુજબના

ગુનાને દર્શાવેલ છે. જો કે, આ કામે અરજદારનું એકાઉન્ટ અન્ય કોઈ વ્યકિત વાપરે છે. જે બાબતે અરજદાર/આરોપીને કોઈ ખબર નથી. વધુમાં અરજદાર/આરોપીનું એકાઉન્ટ ધોરાજીવાળા વાપરતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ધવલગીરી કિશનગીરી અપારનાથી તથા ફેજલ હનીફભાઈ મધરાનાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અન્ય ગુનાના કામે જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. તેઓ સામે પણ હાલના કામના અરજદાર/આરોપી સામેના ગુના મુજબનો ગુનો રહેલ હતો. હાલના કામે અરજદાર/આરોપીએ પોતાના એકાઉન્ટ તેઓના ઓળખીતાને વ્યવહાર કરવા માટે આપેલ હતું. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ કોઈ ફ્રોડ કરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે અને કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં હાલના કામનો કેસ કમીટ થઈને આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી એકાઉન્ટ ધારક છે અને તેઓના ખાતામાં રૂા.૧૩,૮૯,૬૪૨/- ફ્રોડની રકમ જમા થયેલ હતી અને સદરહુ અરજદાર/આરોપીના એકાઉન્ટમાં અલગ અલગ ભોગબનનાર/ફરીયાદીની કુલ ૬ ફરીયાદ દાખલ થયેલ હતી. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે. વધુમાં ગુનાની ગંભીરતા તથા ફ્રોડની રકમ ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૬ નું સોગંદનામું ઘ્યાને લીધુ તથા રેકર્ડ ઘ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી કુરેશી ઈકબાલએ પોતાના બેંક ઓફ મહારાષ્ટ્ર, કાળવા ચોક શાખા, જુનાગઢના એકાઉન્ટ નં.૬૦૫૧૨૦૪૬૧૧૮ માં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણતો હોવા છતાં અલગ અલગ માઘ્યમથી અલગ અલગ સમયે સાયબર ફ્રોડથી મેળવેલ રૂા.૧ ૩,૮૯,૬૪૨/– પોતાના બેંક એકાઉન્ટમાં પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી ગુન્હો કર્યાનો આક્ષેપ રહેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ઘ્યાને લેતા ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને તેના સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૬ રહેલ છે. વધુમાં આ કામે અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, અરજદાર/આરોપીએ પોતાના જુનાગઢ કાળવા ચોક પાસે આવેલ બેન્ક ઓફ મહારાષ્ટ્રના બેન્ક એકાઉન્ટ નં.૬૦૫૧૨૦૪૬૧૧૮ વાળું કમીશન પેટે રૂપિયા કમાવવાની બદદાનતથી ટ્રાન્જેકશન દિઠ ૧ ટકા ના કમિશનથી અન્ય આરોપી સીરાજ સીદીક ખલીફા, રહે.ધોરાજીવાળાને ભાડેથી આપી જે બેન્ક એકાઉન્ટના નેટ બેન્કીગ આઈ.ડી. તથા પોતાના નામનું સીમકાર્ડ તથા તમામ બેન્કીગ લગત વિગતોની એકબીજાને આપલે કરી સદરહુ એકાન્ઉટનો સાયબર ફ્રોડમાં ઉપયોગ કરી સાયબર ફ્રોડનો ભોગબનનાર અલગ અલગ કુલ–૬ જેટલા મુળ ફરીયાદીના બેન્ક એકાઉન્ટોમાંથી સાયબર ફ્રોડથી મેળવેલ રૂપિયા બદદાનતથી આરોપી અરબાજ ઉર્ફે ધોનીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી તે રૂપિયાને સગેવગે કરી તેમાંથી હાલના અરજદાર/આરોપીએ કમીશન

પેટે રૂા.૫,૦૦૦/– નો આર્થીક ફાયદો મેળવેલ અને આરોપી અરબાજ ઉર્ફે ધોનીના ખાતા નં.૬૦૫૧૨૦૪૬૧૧૮ નો અલગ અલગ સાયબર ફ્રોડમાં ઉપયોગ થયેલ જે બેન્ક એકાઉન્ટમાં ભારત સરકારના એન.સી.સી.આર.પી. પોર્ટલ ઉપર અલગવ અલગ ભોગબનનાર ફરીયાદીઓની કુલ–૬ કમ્પલેઈન દાખલ થયેલ જે કુલ–૬ કમ્પલેઈન મુજબ આરોપી અરબાજના બેન્ક એકાઉન્ટ નં.૬૦૫૧૨૦૪૬૧૧૮ માં તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ અલગ અલગ ટ્રાન્જેકશનો મારફતે કુલ રૂપિયા ૧૩,૮૯,૬૪૨/– જમા થયેલ હોય, જે તમામ રૂપિયા આરોપીઓ પોતે ફ્રોડ કરી બદદાનતથી એકાઉન્ટમાં જમા થયેલ હોવાનું જાણવા છતાં રૂપિયા જમા કરાવવા માટેનું ટ્રાન્જેકશન મુજબનું કમીશન મેળવી રૂપિયા ટ્રાન્સફર કરી અથવા કરાવડાવી સગેવગે કરી નાખી તેમાંથી પોતાના કમીશન રૂપે આર્થીક ફાયદો મેળવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીએ પોતાનું એકાઉન્ટ સાયબર ફ્રોડના નાણા જમા કરવા માટે આપેલ હોવાની હકીકત તપાસમાં ખુલેલ છે. તેમજ તે એકાઉન્ટમાં જમા થયેલ નાણાના બદલામાં કમિશનના પૈસા મેળવવામાં આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. તેમજ ગુનામાં તેઓની મહત્વની ભુમીકા રહેલ છે. કારણ કે, હાલના કામના અરજદાર/આરોપીએ પોતાનું એકાઉન્ટ પોતાના આર્થીક લાભ સારૂ સાયબર ક્રાઈમના ભોગબનનારના નાણા પોતાના ખાતામાં જમા કરાવવા માટે આપેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીએ સાયબર ફ્રોડનો ગુનો આચરવામાં મહત્વની ભુમીકા ભજવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીનું એકાઉન્ટ તેમના અન્ય સંબંધીને ઉપયોગ કરવા માટે આપેલ હતું જેથી હાલના કામના અરજદાર/આરોપી પોતાના એકાઉન્ટનો સાયબર ફ્રોડ માટે ઉપયોગ કરે છે તેવી હકીકત જાણતા ન હતા અને જેથી તેઓની સામેનો આક્ષેપીત ગુનો બનતો નથી. જો કે, હાલના કામનું રેકર્ડ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપિત

ગુના અંગેની તપાસ દરમ્યાન પુરાવા એકત્રીત થયેલ છે અને તે આધારે ચાર્જશીટ પણ થયેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનો થયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે. વધુમાં અરજદાર/આરોપી તરફેની સદરહુ રજુઆત પુરાવાનો વિષય બની રહે છે. જેથી હાલના તબકકે તે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેથી અરજદાર/આરોપીને વધુ સમય કસ્ટડીમાં રાખી શકાય નહી. જે બાબતે જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં ઉપર જણાવ્યા મુજબ મહત્વની ભુમીકા રહેલ છે. વધુમાં દેશમાં સાયબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા જાય છે. વધુમાં ટુંકાગાળામાં વગર મહેનતે પૈસા કમાવવાની લાલચે પોતાના બેન્ક એકાઉન્ટ ગેરકાયદેસર નાણાંકીય વ્યવહાર માટે આપવામાં આવે છે. તેમજ આવા ગેરકાયદેસર નાણાંકીય વ્યવહારનો ઉપયોગ દેશ વિરોધી પ્રવૃતિ માટે પણ કરવામાં આવતો હોય છે. જેથી હાલના કામનો ગુનો સમાજ વિરોધી રહેલ છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો આવા પ્રકારના ગુનો કરવાની માનસીકતા ધરાવતા લોકોને પ્રોત્સાહન મળી શકે તેમ છે. જેથી અરજદાર/આરોપી તર્ફેની સદરહુ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું બેકં એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુનો આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માં ડીને વૃધ્ધો સુધીના લોકોના સાઈબર ફ્રોડના સકંજામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો

પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ ગણી શકાય. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી અરબાઝ ઉર્ફે ધોની સ/ઓ ઈકબાલભાઈ હાસમભાઈ કુરેશી, રહે.દાતાર રોડ, નીચલા દાતાર દરગાહ પાસે, જુનાગઢવાળાની જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૧૨૧૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટ ૨૦૦૦ ની કલમ– ૬૬(ડી) મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

– આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)